**CRMA J: 1603/2025**

**GJSR120045472025**

## આંક-01 લગત હુકમ

1. અરજદારે હાલની અરજી અજાણ્યા ઈસમો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, 2023ની કલમ - 109 મુજબના શિક્ષાપત્ર ગુનાની ફરિયાદ નોંધવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023ની કલમ 175(3) મુજબ ગુનો દાખલ કરવા માટે કરેલી છે.

2. હાલની અરજી કરી અરજદાર દ્વારા જણાવવામાં આવેલ ટુંકમાં હકીકત નીચે મુજબ છે:

   a. અરજદાર/ફરિયાદી તેઓને હરિભક્તો દ્વારા રહેવામાં આપેલ મકાનમાં રહી સ્વામિનારાયણ ભગવાનની સેવા પૂજા તથા ભક્તિ, સત્સંગ કરવાનું કરી કરે છે. તારીખ 22/09/2024, રવિવારના રોજ સાંજના સમયે ફરિયાદી સત્સંગ સભા કરવા માટે સાવલિયા સર્કલ, યોગીચોક, સુરત ખાતે ગયેલ હતા અને સભા પૂર્ણ કરી રાત્રે 11:15 કલાકના અરસામાં પોતાના રહેઠાણ પર પરત ફરેલા ત્યારે ફરિયાદીને તેમના રહેઠાણ પર સેવા આપતા સેવક પ્રવીણભાઈ કોઠીયાએ જણાવેલ કે, "કોઈ વ્યક્તિ આવેલ અને એક બોક્સ આપેલ છે અને એવું કહેલ કે આ બોક્ષ સંતોને આપી દેજો અને તેમ કહી બોક્ષ આપી જતા રહેલા છે".

   b. ત્યારબાદ ફરિયાદીએ રાત્રે 11:20 કલાકે સદર બોક્ષ ખોલતા સદરહુ બોક્ષમાં અલગ અલગ થેલીઓ હતી. જેમાં એક થેલીમાં 3 મોસંબી, બીજી થેલીમાં તરબૂચ હતું અને ત્રીજી થેલીમાં અમૂલ ગોલ્ડ દૂધની બે કોથળીઓ તથા બે છૂટા દૂધની લુઝ પેકિંગવાળી કોથળીઓ હતી. આ બોક્ષની ઉપર "પૂજ્ય સંતો પ્રેમવતી મહિલા મંડળ ગુરુકુળ" તેવું લખેલ હતું. જેથી ફરિયાદીએ અંદરો અંદર ચર્ચા કરેલ કે આવી કોઈ સંસ્થા સાથે તેઓને સંપર્ક નથી તો આવું બોક્ષ કોણે તથા શા માટે મોકલાવ્યું હશે. ત્યારબાદ તેઓને લાગેલ કે, તેઓના કોઈ હરિભક્ત દ્વારા મોકલવામાં આવેલ હશે. ત્યારબાદ, અરજદાર સાથે રહેલા બીજા સંતનાઓ પ્રસાદ લેવા બેસેલ અને મોસંબીની કોથળીમાંથી મોસંબી બહાર કાઢતા એક મોસંબી ફોલતા ખરાબ હોવાથી તે સાઈડમાં રાખી દીધેલ અને બીજી મોસંબી લઈ જોતા તેનો થોડો ભાગ ખરાબ હતો તે કાઢી બાકીની સારી મોસંબી ખાઈ ગયેલ હતા.

c. ત્યારબાદ, રાત્રે 12:30 કલાકે ફરિયાદી સૂઈ ગયેલા ત્યારે રાત્રીના આશરે 1:00 થી 1:15 કલાકના અરસામાં અરજદારની સાથેના સંત, ઉત્સવપ્રિયદાસજી ગુરુના પગના સાંધા જકડાઇ ગયેલા, અચાનક પેટમાં દુખાવો ચાલુ થઈ ગયેલો અને માથું ભારે લાગવા લાગેલ તેમજ ઉબકા આવવા લાગેલા હતા. તેઓએ સત્સંગ સભા કર્યા બાદ ખૂબ જ થાક લાગેલ હોય, તેવો વિચાર કરતા ઊંઘ આવતા તેઓ સૂઈ ગયેલા. ત્યારબાદ બીજા દિવસે તા. 23/09/2024 ના રોજ સવારે ઉપર મુજબની પીડાઓ ચાલુ રહેતી હોય, પોતાની નિત્યક્રિયાઓ પૂર્ણ કરી, આશરે 09:00 થી 09:30 ના અરસામાં તેઓએ પોતાના ડોકટર શૈલેષભાઈ જવાણી ને ફોન કરેલ અને તેઓને થતી પીડા બાબતે જણાવેલ. જેથી, ડો. શૈલેષભાઈ જવાણી નાઓએ તેઓના કોઈ અન્ય ડોકટર મિત્ર દ્વારા અરજદારને તેઓના સરનામે દવાઓ પહોંચાડેલ હતી અને ત્યારબાદ તે દવા લેતા તેમને રાહત થયેલી.

d. ત્યારબાદ, સવારના અરજદારના રહેણાક ઉપર ગુરુકુળન હરિભક્ત નિત્યક્રમ મુજબ અરજદારના દર્શનાર્થે આવેલ ત્યારે ઉત્સવપ્રિયદાસજી ગુરુએ તે હરિભક્તને તેઓના ગુરુકુળમાં આવું કોઈ મહિલા મંડળ છે કે કેમ, તેવું પૂછતા તે હરિભક્તે ઇનકાર કરેલ તેમજ જણાવેલ કે તેઓના ગુરુકુળમાં આવી રીતે કોઈને ભેટમાં પ્રસાદી મોકલવાની પ્રથા નથી. જેથી સદર સંતે ગુરુકુળમાં ફોન કરી તેમને મોકલવામાં આવેલ ભેટ બાબતે પૂછતા તેઓએ ઇનકાર કરેલ.

e. જેથી, અરજદારે પોતાને મળેલ ભેટનું બોક્સ ફરી ખોલી જોતા તેમાં દૂધની કોથળીઓ ખોલીને ત્યારબાદ ફરીવાર પેક કરેલ હોય તેવું જણાય આવેલ અને તરબૂચની કોથળી ખોલી જોતા તેમાં બે ભાગમાં તરબૂચ હતું અને તે તરબૂચમાંથી વાસ આવતી હતી. એક મોસંબી જોતા તેમાં એક હોલ દેખાઇ આવેલ અને તે હોલની ફરતે કાળા કલરનો ડાઘ દેખાઈ આવેલ, જેથી ફરિયાદીને શંકા ગયેલી કે આ બોક્ષમાં રહેલા ફળો તથા દૂધમાં ઝેરી કેમિકલ અથવા ઝેર ભેળવી ફરિયાદીને જાનથી મારી નાખવા માટે કોઈ અજાણ્યા ઇસમ દ્વારા કાવતરું કરી તેમને ભેટ સ્વરૂપે બોક્સ આપી ગયેલ છે.

f. ત્યારબાદ અરજદારે પોતાના મકાનમાં રહેલા સી.સી.ટી.વી. કેમેરા ચેક કરતા જોવા મળેલ કે, તારીખ 22/09/2024ના રોજ સાંજના 08:08 કલાકના અરસામાં અરસામાં કોઈ અજાણ્યો ઇસમ ફરિયાદીના રહેઠાણ પર પીળા કલરનો કોથળો લઈને આવેલ અને તેમાંથી એક બોક્સ બહાર કાઢી પ્રવીણભાઈ કોઠીયાને આપતા હોય તેવું દેખાય આવેલ. ફરિયાદી આ અજાણ્યા ઇસમને ઓળખી શકેલ નહિ, તેમજ આ અજાણ્યો ઇસમ સદરહુ બોક્સ આપી તરત જ પરત ફરી ગયેલ હતો જેથી ફરિયાદીને પાકી ખાતરી થઈ ગયેલી કે આ અજાણ્યા ઇસમ દ્વારા અરજદાર તેમજ ઉત્સવપ્રિયદાસજી ગુરુને જાનથી મારી નાખવા માટે

થઈને ઉપરોક્ત બોક્સમાં ફળો તથા દૂધમાં ઝેરી કેમિકલ અથવા ઝેર ભેળવી તેમને આપવા માટે આવેલ હતા.

g. ઉપરોક્ત બાબતે ફરિયાદીએ તેમના અંગત હરિભક્તોને જાણ કરતા, 7 થી 8 જેટલા હરિભક્તો તેમના રહેઠાણ ઉપર આવેલા અને આ અજાણ્યા ઇસમ તેમજ તેના હાથમાં હાથમાં રહેલ પીળા કલરના કોથળા વિશે શોધખોળ ચાલુ કરેલી, પરંતુ મળી આવેલ નહિ. ફરિયાદીના જણાવ્યા મુજબ તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રવચન આપવા માટે તથા સત્સંગ સભાઓ કરવા માટે તેમનું દેશ - વિદેશમાં ખૂબ જ માન સન્માન હોય, જેથી ફરિયાદીની નામના ન જોઈ શકે તેવા ઘણા બધા નાસ્તિક લોકો હોય, જે લોકોમાંથી કોઈએ અમોને જાનથી મારી નાખવા માટે આવું કાવતરું ઘડી અમોને જાનથી મારી નાખવા પ્રયત્ન કરેલ હોય, જેથી, બી.એન.એસ.ની કલમ 109 મુજબ કાયદેસરની કાર્યવાહી કરવા હાલની ફરિયાદ અરજદાર દ્વારા કામરેજ પોલીસ સ્ટેશનમાં આપવામાં આવેલ.

h. વધુમાં, અરજદાર જણાવે છે કે, તા. 24/09/2024ના રોજ બી.એન.એસ.એસ.ની કલમ 173(1) મુજબ ઉપરોક્ત બાબતની ફરિયાદ કામરેજ પો.સ્ટે.માં આપ્યા બાદ અરજદારે પોતાના હરિભક્તો મારફતે તપાસ કરતા માલુમ પડેલ કે, અરજદારના ઘરે બોક્સ લઈને આવેલ ઇસમ SMVS સંસ્થા, વરાછા મંદિરના રસોઈયા દલસુખભાઈ ડાભી હતા જેઓ ગેટ ઉપર ઊભા રહેલા, જ્યારે તેમની સાથે મો પર માસ્ક બાંધી જે ઇસમ આવેલ તેનું નામ જાગૃત માવાણી છે જે SMVS સંસ્થા, ડભોલી મંદિરના કાર્યકર છે હોવાનું જાણવા મળેલ. તેમજ સદરહુ બોક્સ SMVS સંસ્થા, વરાછા મંદિરમાં રહેતા શ્રવણ સ્વામીએ અરજદારના ઘરે આપવા જવાનું કહેલની હકીકત જાગૃત માવાણીએ અરજદારના નજીકના હરિભક્તોને જણાવેલ, જેથી તેઓએ અરજદારને જણાવેલ. વધુમાં અરજદારને તેમના હરિભક્તોએ જણાવેલ કે, જાગૃત માવાણીએ જણાવેલ છે કે, "મને શ્રવણ સ્વામીએ કોઈ ચિંતા નહિ કરવા અને નિર્લોપ સ્વામી સાથે ગાંધીનગર વાત થઈ ગઈ છે. આપણને કંઈ નહિ થાય." વધુમાં, ઉપરોક્ત ઈસમો તેમજ તેમના મળતિયા રાજુભાઈ રતિલાલ પટેલનાઓ ફરિયાદી તથા ફરિયાદીની સાથેના હરિભક્તોને જાનથી મારી નાખવાની ધમકી આપતા આપેલ છે તેમજ અરજદારના અગત્યના દસ્તાવેજો પણ SMVS સંસ્થા દ્વારા ગેરકાયદેસર રીતે પોતાના કબજામાં રાખેલ છે.

i. ઉપરોક્ત તમામ માહિતી પુરાવા ફરિયાદીએ કામરેજ પોલીસ સ્ટેશનમાં આપેલા હોવા છતાં, કામરેજ પોલીસ દ્વારા તેઓનો ફરિયાદ અનુસંધાને કોઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી. જેથી, તેઓ વિરૂદ્ધ ફરિયાદી દ્વારા તા. 29/01/2025ના રોજ એસ.પી., સુરત (ગ્રામ્ય)નાઓને બી.એન.એસ.એસ.ની કલમ 173(4) મુજબ લેખિત

ફરિયાદ આપવામાં આવેલી. પરંતુ, આજ દિન સુધી ફરિયાદીની ફરિયાદને અનુલક્ષીને પોલીસે આરોપી વિરૂદ્ધ કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ નથી કે ગુનો નોંધેલ નથી. જેથી, ફરિયાદી દ્વારા હાલની અરજી બી.એન.એસ.એસ. ની કલમ 175(3) મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવા પોલીસને આદેશ આપતો હુકમ કરવા માટે અત્રેની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.

3. સદર અરજી અન્વયે અત્રેની અદાલત દ્વારા તા. 29/07/2025ના રોજ અરજીને રજીસ્ટરે લેવાનો તથા પ્રાથમિક સુનાવણી માટે સાંભળવાનો હુકમ કરવામાં આવેલ. અરજદારે પોતાની અરજી સાથે આંક-3થી પુરાવા લીસ્ટ રજૂ રાખેલ છે, જે લગત માર્ક 3/1 થી 3/5 ફરિયાદી તરફે તેમણે કામરેજ પોલીસ સ્ટેશન, એસ.પી., સુરત (ગ્રામ્ય), તથા અન્ય પોલીસ હોદ્દેદારો અને મુખ્યમંત્રીશ્રી, ગૃહમંત્રીશ્રી નાઓને આપેલ ફરિયાદની નકલ તથા ફરિયાદીના મંદિરના કાર્યકરોની જાગૃત માવાણી સાથે થયેલ વાતચીતની પેનડ્રાઇવ તેમજ તે વાતચીતની સ્ક્રિપ્ટની નકલ છે.ત્યારબાદ, અરજદાર તરફે આંક-4ના પુરાવા લીસ્ટથી તેઓના વિ.વ.શ્રી દ્વારા માર્ક 4/1થી કામરેજ પોલીસ સ્ટેશનમાં અરજદારની અરજી સંદર્ભે જાણવા જોગ નં. 70/2024ના કામે થયેલ તપાસના કાગળોની આર.ટી.આઈ.દ્વારા મેળવેલ નકલ રજુ રાખેલ છે.

4. ત્યારબાદ, તા. 15/11/2025ના રોજ આંક-1 હેઠળ વધુ હુકમ કરી બી.એન.એસ.એસ. ની કલમ 175(3) મુજબ કામરેજ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રીને અરજદારની ફરિયાદ અનુસંધાને કરેલ કાર્યવાહીનો અહેવાલ મંગાવેલો. જેના અનુસંધાને પી.આઇ.શ્રી, કામરેજનાઓએ પોતાનો રિપોર્ટ અત્રેની અદાલતને મોકલી આપેલો જે આંક-6થી હાલના કામે રજૂ રાખેલ છે.

5. અરજદારના વિ.વ.શ્રીએ પોતાની અરજીના સમર્થનમાં દલીલ કરતા જણાવેલ છે કે, હાલના અરજદાર તથા તેની સાથે રહેતા સંતોના ઘરે કોઈ અજાણ્યો માણસ એક બોક્સ આપી તુરંત જ જતો રહે છે, તેમજ બોક્સમાં રહેલા ફ્રૂટમાંથી એક મોસંબી ખાતા તબિયત બગડી ગયેલી. જેથી તે બોક્સમના ફ્રૂટ ઝેરી હોય તેવું લાગેલું. ફરિયાદના સમર્થનમાં હાલના કામે અરજદાર દ્વારા જાગૃત માવાણીનું ફોન રેકોર્ડિંગ પણ રજૂ રાખેલ છે. કામરેજ પોલીસને લેખિત ફરિયાદ આપેલી પરંતુ તેઓએ ફરિયાદના કામે કોઈ કાર્યવાહી કરેલ નથી. તેમજ ફરિયાદ સાથે તરબૂચ, દૂધની થેલી અને મોસંબી પણ પોલીસને તપાસ અર્થે આપવામાં આવેલી હતી. તેઓએ દલીલ કરતા જણાવેલ છે કે, પોલીસે એફ.આઈ.આર. નોંધ્યા વગર ઉપરોક્ત વસ્તુઓ FSL કચેરી ખાતે તપાસ અર્થે મોકલી આપેલી. જેથી, કોઈ એફ.આઇ.આર. નોંધ્યા વગર તપાસ અર્થે FSL ખાતે મોકલી શકાય નહિ તેમજ પોલીસે ખોટા ગુ.ર.નં. સાથે FSL કચેરી ખાતે ઉપરોક્ત ફળ તથા દૂધ તપાસ અર્થે મોકલી આપેલ છે.

a. વધુમાં, તેઓએ દલીલ કરેલ છે કે કોગનીઝેબલ ગુનાની તપાસ પોલીસ ફરિયાદ વગર થઈ શકે તેમ નથી. હાલની ફરિયાદ અત્યંત ગંભીર પ્રકારના ગુના અન્વયે આપવામાં આવેલી હોય, પરંતુ તેમ છતાં પોલીસે આજદિન સુધી ફરિયાદ નોંધી નથી. વધુમાં, કામરેજ પોલીસ દ્વારા ફરિયાદ નોંધવામાં ન આવતા તેઓએ એસ.પી., સુરત (ગ્રામ્ય), આઇ.જી., સુરત રેન્જ, વિગેરે અધિકારીઓને પણ લેખિત ફરિયાદ કરેલી છે, પરંતુ કોઈપણ પોલીસ અધિકારી દ્વારા અરજદારની ફરિયાદ સંદર્ભે કોઈ પગલાં આજદિન સુધી લેવામાં આવેલ નથી. જેથી, હાલની અરજી મંજૂર કરી, પોલીસને ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદ દાખલ કરી તપાસ કરવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

b. વધુમાં, વિ.વ.શ્રી. દ્વારા સદર અરજીના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ આંક-5ના લિસ્ટથી રજૂ કરેલ છે, જે અત્રેની અદાલત દ્વારા માનસહ ધ્યાને લેવામાં આવેલ છે:

i. Ramesh Kumari vs. State (Govt. of NCT of Delhi)[1]

ii. Roop Ram vs. State of U.P.[2]

iii. Subhash Chand Sharma vs. State of U.P.[3]

iv. Amit Khera vs. Govt of NCT of Delhi[4]

v. Y.N. Ramachandra Rao vs. CCI Ltd., Manipal Udupi Taluka[5]

vi. Amubhai Dipubhai Gohil vs. State of Gujarat[6]

6. સદર અરજી તથા અરજી સાથે રજૂ થયેલા દસ્તાવેજો કાળજીપૂર્વક વંચાણે લીધા. આંક-6થી રજૂ થયેલ પોલીસ રિપોર્ટ વંચાણે લિધો. અરજી અન્વયે અરજદારના વિ.વ.શ્રી.ને સાંભળ્યા. અત્રે એ હકીકત નોંધનીય છે કે, અરજદાર દ્વારા હાલની અરજી બી.એન.એસ.એસ. ની કલમ 175(3) મુજબ સામાવાળા વિરૂદ્ધ એફ.આઈ.આર. દાખલ કરવા માટે કરવામાં આવેલી છે. જે સંજોગોમાં બી.એન.એસ.એસ.ની કલમ 173 તથા 175 વંચાણે લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે:

> *“**173. Information in cognizable cases–** (1) Every information relating to the commission of a cognizable offence,*

[1] 2006 (1) GLH 780
[2] [2009] 0 Supreme(UP) 49144
[3] [2011] 2 Crimes(HC) 528
[4] [2011] 1 Crimes(HC) 129
[5] [2012] 1 Crimes(HC) 318
[6] 2024 (1) GLH 337

*irrespective of the area where the offence is committed, may be given orally or by electronic communication to an officer in charge of a police station, and if given—*

*(i) orally, it shall be reduced to writing by him or under his direction, and be read over to the informant; and every such information, whether given in writing or reduced to writing as aforesaid, shall be signed by the person giving it;*

*(ii) by electronic communication, it shall be taken on record by him on being signed within three days by the person giving it,*

*and the substance thereof shall be entered in a book to be kept by such officer in such form as the State Government may by rules prescribe in this behalf:*

*Provided that if the information is given by the woman against whom an offence under section 64, section 65, section 66, section 67, section 68, section 69, section 70, section 71, section 74, section 75, section 76, section 77, section 78, section 79 or section 124 of the Bharatiya Nyaya Sanhita, 2023 is alleged to have been committed or attempted, then such information shall be recorded, by a woman police officer or any woman officer:*

*Provided further that—*

*(a) in the event that the person against whom an offence under section 64, section 65, section 66, section 67, section 68, section 69, section 70, section 71, section 74, section 75, section 76, section 77, section 78, section 79 or section 124 of the Bharatiya Nyaya Sanhita, 2023 is alleged to have been committed or attempted, is temporarily or permanently mentally or physically disabled, then such information shall be recorded by a police officer, at the residence of the person seeking to report such offence or at a convenient place of such person's choice, in the presence of an interpreter or a special educator, as the case may be;*

*(b) the recording of such information shall be videographed;*

*(c) the police officer shall get the statement of the person recorded by a Magistrate under clause (a) of sub-section (6) of section 183 as soon as possible.*

*(3) Without prejudice to the provisions contained in section 175, on receipt of information relating to the commission of any cognizable offence, which is made punishable for three years or more but less than seven years, the officer in charge of the police station may with the prior permission from an officer not below the rank of Deputy Superintendent of Police, considering the nature and gravity of the offence,—*

*(i) proceed to conduct preliminary enquiry to ascertain whether there exists a prima facie case for proceeding in the matter within a period of fourteen days; or*
*(ii) proceed with investigation when there exists a prima facie case.*

*(4) Any person aggrieved by a refusal on the part of an officer in charge of a police station to record the information referred to in sub-section (1), may send the substance of such information, in writing and by post, to the Superintendent of Police concerned who, if satisfied that such information discloses the commission of a cognizable offence, shall either investigate the case himself or direct an investigation to be made by any police officer subordinate to him, in the manner provided by this Sanhita, and such officer shall have all the powers of an officer in charge of the police station in relation to that offence failing which such aggrieved person may make an application to the Magistrate.*

***175. Police officer's power to investigate cognizable case****– (1) Any officer in charge of a police station may, without the order of a Magistrate, investigate any cognizable case which a Court having jurisdiction over the local area within the limits of such station would have power to inquire into or try under the provisions of Chapter XIV: Provided that considering the nature and gravity of the offence, the Superintendent of Police may require the Deputy Superintendent of Police to investigate the case.*

*(2) No proceeding of a police officer in any such case shall at any stage be called in question on the ground that the case was one which such officer was not empowered under this section to investigate.*

*(3) Any Magistrate empowered under section 210 may, after considering the application supported by an affidavit made under sub-section (4) of section 173, and after making such inquiry as he thinks necessary and submission made in this regard by the police officer, order such an investigation as above-mentioned.*

*(4) Any Magistrate empowered under section 210, may, upon receiving a complaint against a public servant arising in course of the discharge of his official duties, order investigation, subject to—*
*(a) receiving a report containing facts and circumstances of the incident from the officer superior to him; and*
*(b) after consideration of the assertions made by the public servant as to the situation that led to the incident so alleged."*

7. ઉપરોક્ત કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા તેમજ નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા **પ્રિયંકા શ્રીવાસ્તવ વી. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ**[7]ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ અરજદાર દ્વારા કલમ 175(3) (સી.આર.પી.સી. કલમ 156(3)) ની અરજી કરતા પહેલા કલમ 173(1) તેમજ 173(4) (સી.આર.પી.સી. કલમ 154) મુજબની જોગવાઈઓનું પાલન કરાયેલું હોવું ફરજિયાત છે. જે અન્વયે હાલના કામે અરજદારે ઉપરોક્ત મુજબની જોગવાઈનું પાલન કરેલ હોય તે આંક-3ના લિસ્ટથી રજૂ કરેલ દસ્તાવેજો પરથી ફલિત થાય છે. આમ, ઉપરોક્ત ઠરાવેલ સિદ્ધાંત મુજબ અરજદાર દ્વારા મેજિસ્ટ્રેટ સમક્ષ બી.એન.એસ.એસ. કલમ 175(3) ની અરજી કરતા પહેલા કલમ 173(1) અને કલમ 173(4) મુજબની દાદ પરિપૂર્ણ કરેલી હોવી જરૂરી છે. તેમજ તે સંદર્ભે સક્ષમ અધિકારી દ્વારા અરજદારની ફરિયાદ રજીસ્ટરે ન લીધા હોવા બાબતે એફિડેવિટ પોતાની કોર્ટ રૂબરૂ અરજી સાથે રજૂ કરવી ફરજિયાત છે. જે આ કામનું રેકર્ડ જોતા પરિપૂર્ણ થયેલ હોવાનું ફલિત થાય છે.

8. બી.એન.એસ.એસ. ની કલમ 173(1) અન્વયે કોઈપણ ફરિયાદથી જો પ્રથમ દર્શનીય રીતે કોગનીઝેબલ ગુનો બનેલ હોવાની હકીકત જણાઈ આવતી હોય તો પોલીસ દ્વારા તે ફરિયાદ એફ.આઈ.આર. તરીકે દાખલ કરવી ફરજીયાત છે. આવી જ રીતે, કલમ 175(3) મુજબ જ્યારે મેજિસ્ટ્રેટને ફરિયાદ વાંચતા પ્રથમ દર્શનીય રીતે ફરિયાદ કોગનીઝેબલ ગુના અંગેની જણાઈ આવે તેવા સંજોગોમાં મેજિસ્ટ્રેટ પોલીસને એફ.આઇ.આર. રજીસ્ટર કરવાનો હુકમ કરે છે. અત્રે એ નોંધવું મહત્વનું છે કે, ફરિયાદને પ્રથમ દર્શનીય રીતે વાંચતા જ તે કોગનીઝેબલ ગુનાની હોવાનું માલુમ પડવું જરૂરી છે.

9. હવે, ઉપરોક્ત કાયદાકિય પરિસ્થિતિની પૃષ્ઠભૂમિમાં હાલની અરજીની હકીકત ચકાસવી અનિવાર્ય છે. અરજદારની અરજી, સાથે રજૂ રાખેલા દસ્તાવેજો તેમજ તેમના તરફે વિ.વ.શ્રી.એ કરેલ દલીલ ધ્યાને લેતા, એ હકીકત જણાઈ આવે છે કે હાલની ફરિયાદ અરજદારના ઘરે કોઈ માણસ એક બોક્સ આપી ગયેલો, જેમાં રહેલા ફ્રૂટ તથા દૂધમાં કોઈએ ઝેર ભેળવી અરજદાર તથા ઉત્સવપ્રિયદાસજી ગુરુને જાનથી મારી નાખવાનો પ્રયત્ન કરેલ હોવા બાબતની છે.

10. આ સંદર્ભે અરજદાર પોતે જ પોતાની અરજીમાં જણાવે છે કે, ઉત્સવપ્રિયદાસજી એ જ્યારે બોક્સ ખોલ્યું ત્યારે તેમની એક મોસંબી ખરાબ હતી, તેમજ જે મોસંબી ખાધી તેમાંથી થોડો ભાગ ખરાબ થઈ ગયેલ હતો. જેથી તેમણે ખરાબ ભાગ કાપીને સારો ભાગ ખાધેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, તેઓના કહેવા પ્રમાણે આ મોસંબી ખાધા પછી આશરે 2 કલાક પછી તેઓના પગના સાંધા જકડાઈ ગયેલા, પેટમાં દુખાવો ચાલુ થયેલ, માથું ભારે લાગવા લાગેલ તથા ઉબકા આવવા લાગેલ. આ લક્ષણો અન્વયે તેઓએ ડૉ. શૈલેષ જણાવીને ફોન કરી દવા લીધેલ હતી.

[7] 2015 AIR (SC) 1758

11. અરજદારે આંક-4થી રજૂ રાખેલ પોલીસ તપાસમાં કાગળોમાં પોલીસ દ્વારા ડૉ. શૈલેષ જવાણીનું તા. 03/12/2024ના રોજનું નિવેદન રજૂ છે. જે વંચાણે લેતા માલૂમ પડે છે કે, તેઓએ સદર સંતને **સારવાર અર્થે (1) ઓફ્લોક્સ-200, (2) એસિલોક આર.ડી. તેમજ (3) મેફ્ટાલ-સ્પાઝ દવાઓ** આપેલી. સદર દવાઓ જોતા તે **અનુક્રમે બેક્ટેરિયલ ઇન્ફેક્શન (એન્ટી બાયોટિક), એસિડિટી તેમજ દુખાવાની દવાઓ** છે. તેમજ અરજદારે પોતાની અરજીમાં જણાવેલ છે કે, આ દવાઓ લેવાથી ઉપરોક્ત સંતની તબિયત સારી થઈ ગયેલી. આમ, જો અરજદારને તેમના કહેવા મુજબ ખરેખર ઝેર આપવામાં આવ્યું હોય તો ઇન્ફેક્શનની દવા લેવાથી તેઓની તબિયત સુધરી શકે નહિ. તેમજ અરજદાર કે ઉત્સવપ્રિયદાસજી ગુરુ આ બનાવ બાદ હોસ્પિટલમાં દાખલ થયેલ હોય કે કોઈ સારવાર લીધેલ હોય કે તેઓએ કોઈ બ્લડ રીપોર્ટસ કરાવેલ હોય, તેવી કોઈ હકીકત હાલની અરજી કે રેકર્ડ પરથી ફલીત થતી નથી.

12. વધુમાં, ડૉ.શ્રીના નિવેદન સાથે સહજાનંદ પોલિકલીનિકના લેટર પેડ ઉપર ડૉ. શૈલેષ જવાણીએ ઉત્સવપ્રિયદાસજી નું લખી આપેલ મેડિકલ સર્ટિફિકેટ રજૂ છે. જે ધ્યાને લેતા સદર સર્ટિફિકેટ તા. 08/10/2024ના રોજનું છે, જ્યારે ઉત્સવપ્રિયદાસજીએ તેઓને તા. 23/09/2024ના રોજ સવારે સારવાર અર્થે ફોન કરેલ હોવાનું જણાવેલ છે. આમ, આ સર્ટિફિકેટ 15 દિવસ બાદ લખેલ હોવાનું જણાઇ આવે છે. વધુમાં, સદર સર્ટિફિકેટમાં ડો. શૈલેષ જવાણીની ડિગ્રી જોતા તેઓ D.H.M.S., C.C.H., C.G.O. ની ડીગ્રી ધરાવતા હોવાનું માલુમ પડે છે. જેથી, તેઓની મુખ્ય તબીબી ડિગ્રી તે ડિપ્લોમા ઇન હોમીયોપેથીક મેડીસિન એન્ડ સર્જરી છે. તેઓ પોતે MBBSની ડીગ્રી ધરાવતા ન હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય છે. જ્યારે તેઓ પાસે MBBS ની ડીગ્રી ન હોય, તેમજ તેઓ માત્ર હોમિયોપેથીક દવાઓ તેમજ સારવાર કરવા માટે સક્ષમ હોય, તે સંજોગોમાં તેઓ દ્વારા એલોપેથીક દવા આપી શકાય નહિ. પરંતુ, હાલની અરજી ડોકટરશ્રીને અનુલક્ષીને કરવામાં આવેલ ન હોય, જેથી તે બાબતે વધુ ચર્ચા કરવી હાલના તબક્કે યોગ્ય જણાતી નથી.

13. વધુમાં, અરજદાર દ્વારા આપવામાં આવેલ ફરિયાદ અન્વયે કામરેજ પોલીસને પ્રથમ દર્શનીય કોગનીઝેબલ ગુનો દેખાતો ન હોય, જેથી તેઓ દ્વારા જાણવા જોગ નં. 70/2024ના કામે અરજદાર દ્વારા આપવામાં આવેલ મોસંબી, તરબૂચ તથા દૂધની થેલીઓ તા. 25/09/2024ના રોજ FSL ખાતે પરીક્ષણ અર્થે મોકલવામાં આવેલી, જે FSL, સુરત દ્વારા તા. 27/09/2024ના રોજ પ્રાપ્ત થયેલી છે. સદર સાધનિક કાગળો પણ અરજદાર દ્વારા રજૂ રાખેલ આંક-4ના પોલીસ તપાસમાં શામેલ છે. જે અંતર્ગત જિલ્લા ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ગુજરાત રાજ્ય, વલસાડ દ્વારા તા. 16/11/2024ના રોજ રિપોર્ટ આપવામાં આવેલ છે. જે જોતા પરીક્ષણ અર્થે મોકલવામાં આવેલ વસ્તુઓ પૈકી **એકપણ વસ્તુમાં ઝેરની હાજરી મળી આવેલ નથી.**

14. અરજદાર દ્વારા એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, તા.23/09/2024ના રોજ બોક્સ ફરીથી ખોલીને જોતા તેઓને માલૂમ પડેલ કે, તરબૂચમાંથી વા આવતી હતી, મોસંબીમાં હોલ દેખાઈ આવેલ અને હૉલની આસપાસ કાળો ડાઘ દેખાઈ આવેલ તેમજ દૂધની થેલીઓ કોઈએ ખોલીને ફરીવાર પેક કરેલ હોય તેવું લાગેલ. આ સંપૂર્ણ વર્ણન જ્યારે બીજા દિવસે સવારે અરજદારના મનમાં કોઈએ ઝેર આપવાનો પ્રયત્ન કરેલાની શંકા ઉદભવી ત્યારબાદના છે. રાત્રીના સમયે પણ તેઓએ સદર બોક્સ ખોલીને તેમની દરેક વસ્તુ જોયેલ હતી. ન માત્ર જોયેલ, પરંતુ એક મોસંબી ખરાબ હોવાની હકીકત પણ તેઓએ જણાવેલ છે. તેમજ જે મોસંબી ઉત્સવપ્રિયજીએ ખાધેલી તેમાંથી થોડો ભાગ ખરાબ હોવાની હકીકત પણ તેઓએ જણાવેલ છે. વધુમાં, તેઓએ કોર્ટ રૂબરૂની અરજીમાં પોતે SMVS સંસ્થા સાથે ભૂતકાળમાં જોડાયેલા હોય તેમજ તેઓને સદર સંસ્થા સાથે અણબનાવ બનેલાં હકીકત રેકર્ડ પર આવેલ દસ્તાવેજો પરથી જણાય આવે છે. આમ, ઉપરોક્ત હકીકતના સંદર્ભે જ્યારે તા. 23/09/2024ના રોજ સવારે સ્વામીજીના મનમાં શંકા ઉદ્દભવી, ત્યારે તેઓને એકાએક બોકસમાની પ્રત્યેક વસ્તુમાં ઝેર હોવાનો ભાસ થયેલો જણાય છે.

15. હાલના કામે અરજીની હકીકત તેમજ રેકર્ડ પર આવેલ દસ્તાવેજો પરથી ફલિત થાય છે કે, કોઈ વ્યકિત રાત્રીના આશરે આઠેક વાગ્યાના અરસામાં સદર બોક્સ અરજદારના ઘરે આપી ગયેલ તેમજ તે સ્વીકારનાર વ્યક્તિએ સદર બોક્સ રસોડાની બહારના ભાગે મૂકી દીધેલ. આમ, જ્યારે બોક્સમાં ફળ, દૂધ વિગેરે જેવી વસ્તુઓ હોય તે જલ્દીથી ખરાબ થઈ શકે છે. જેથી આવી સામગ્રીને સામાન્યત: ફ્રીજમાં રાખવામાં આવે છે. તેમજ દૂધની થેલી હોય, તેનું કોલ્ડ ચેઇન જાળવવું જરૂરી છે, અન્યથા તે બગડી શકે છે. વધુમાં, રાત્રે અગિયાર વાગ્યા બાદ જ્યારે સ્વામીએ બોક્સ ખોલીને મોસંબી ખાધેલી ત્યારબાદ પણ તેઓએ સદર બોકસમા રહેલ ફળ તથા દૂધ ફ્રીજમાં મુકેલ હોય તેવી હકીકત રેકર્ડ પર આવેલ પુરાવા તથા અરજી પરથી જણાય આવતી નથી. તેનાથી વિપરીત, પોતાની અરજીમાં પેરા નં.6માં અરજદાર ફરીવાર બોક્સ ખોલીને ધ્યાનપૂર્વક જોયેલાની હકીકત જણાવે છે. જે સંજોગોમાં બોક્સમાં રહેલ દૂધ ખૂબ જ લાંબા સમય સુધી કોલ્ડ ચેઇનની બહાર રહેલ હોય, તે સ્વાભાવિક રીતે બગડી ગયેલ જણાઈ આવે.

16. વધુમાં, રેકર્ડ પર આવેલ હકીકતો જોતા પ્રથમ દર્શનીય રીતે ઉત્સવપ્રિય દાસજીને બેક્ટેરિયલ ઇન્ફેક્શન થયેલ હોય તેવું દેખાય આવે છે. આ સંજોગોમાં આવું ઇન્ફેક્શન સામાન્ય રીતે અન્ય ઘણી રીતે થઈ શકે છે, તેમજ અન્ય કોઈ વસ્તુ ખાવાથી પણ થઈ શકે છે. માત્ર તકરારી મોસંબી ખાવાથી જ થયેલ હોય તે વાત ચોક્કસપણે કહી શકાય નહિ. આમ, સમગ્ર રેકર્ડ તપાસતા હાલની અરજી અરજદાર દ્વારા માત્ર એક શંકાના આધારે કરવામાં આવેલ હોય તેવું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. તેમજ ઉત્સવપ્રિયદાસજીને થયેલી શારીરિક પીડાઓને ઉપરોક્ત બોક્સમાં જણાવેલ વસ્તુઓ સાથે કોઈ સીધો સંબંધ હોય તેવું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતું નથી. જેથી

અરજદાર દ્વારા કરવામાં આવેલ અરજી અન્વયે જાનથી મારી નાંખવાનો કોઈ પ્રયાસ કરવામાં આવેલ હોય, તેમ બી.એન.એસ. ની કલમ 109 મુજબનો કોઈ ગુનો બનેલ હોય તેવું રેકર્ડ પરની હકીકત જોતા જણાઈ આવતું નથી.

17. તેમજ અરજદાર દ્વારા SMVS સંસ્થાના કાર્યકરો, અધિકારીઓ વિગેરે વિરૂદ્ધ હાલની અરજીમાં જાનથી મારી નાખવાની ધમકીઓ આપવાના આક્ષેપો કરેલા છે, પરંતુ તે સંબંધિત કોઈપણ હકીકત અરજદારે પોતાની પોલીસ ફરિયાદમાં જણાવેલી નથી. જે અરજદાર દ્વારા માર્ક 3/1થી રજૂ રાખવામાં આવેલ ફરિયાદ જોતા માલૂમ પડે છે. સદર હકીકત અરજદારે પ્રથમ વખત તા. 29/01/2025ના રોજ એસ.પી. સુરત (ગ્રામ્ય)ને આપેલ ફરિયાદમાં જણાવેલ છે (માર્ક 3/2). જે સંજોગોમાં પણ ઉપરોક્ત હકીકત બાબતે કોઈપણ કોગનીઝેબલ ગુનો બનેલ હોય, તેવી હકીકત રેકર્ડ પરથી પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતી નથી.

18. આમ, ઉપરોક્ત કરેલ તમામ ચર્ચા તેમજ સંજોગો ધ્યાને લેતા આ કામે કોઈ કોગનીઝેબ્લ ગુનો બનેલાનું પ્રથમ દર્શનીય જણાઈ આવતું નથી. જેથી હાલની અરજી ટકવાપાત્ર ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે:

**<u>હુ ક મ</u>**

1. હાલની અરજી આથી **રદ** કરવામાં આવે છે.
2. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ 12મી, ઓગષ્ટ માહે, સને 2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: 12/08/2026

સ્થળ: કઠોર

**(સ્વપ્નિલ કે. ફટાણીયા)**

જ્યુડી. મેજી.ફ.ક., કઠોર

Judge Code - GJ01769